# વરસાદ ખેચાવાથી અરવલ્લી જીલ્લાના ખેડુતો ચિંતાતુર

## ખેડુતોએ વાવણી નો દોર શરૂ કર્યો



(તસવીર : સમીર બલોચ, બાયડ)

મોડાસા તા.૧૬

હાલ સમગ્ર રાજય માં મેઘરાજા રીસામણા કરીને બેઠા હોય તેવી પરીસ્થીતી નુ નિમાર્ણ થવા પામ્યુ છે વરસાદ ઉપર આધાર રાખનાર જગતનો તા એવો ખેડુત વરસાદ ખેચાવાને લઈને હાલ તો ચિંતાતુર બન્યો છે

જેમાં ગઈકાલે અરવલ્લી જીલ્લા માં કુદરત મહેરબાન થયો હોય તુમ મેઘરાજા એ આગમન કર્યુ હતુ જેને લઈને ધરતીપુત્ર ખેડુત ખુશખુશાલ થઈ ગયો હતો પરંતુ થોડાક સમય માટે વરસાદ જાણે આવીને મોઢુ બતાવીને જતો રહયો હોય તેમ થોડી વાર વરસી ને બંધ થઈ ગયો હતો

આટલા વરસાદ ને લઈને પણ જગતનો તાત ખુશખુશાલ થઈને વાવણી ની શરૂઆત કરી દીધી હતી ખેડુતે પોતાના ખેતર માં બળદ ને હળ વડે જોડી કંકુ તીલક કરી ખેતર ને વધાવી નુ ખેડ કરી અને બિયારણ નાખવાનુ શરૂ કર્યુ હતુ જયારે અત્યાર સુધી સારા વરસાદ ની આશા એ આ ખેડુતો બે-બે વાર તો ખેતરમાં બિયારણ અને ખાતર નાખીચુકયા છે અને ફરીથી આજે બજારમાં થી શાહુકાર જોડેથી વ્યાજે રૂપીયા લાવી ફરીથી ખાતર બીયારણ લાવી ને વાવણી કરવાનુ શરૂ કરેલ છે જો હવે વરસાદ ના આવે તો સમય જતાં ખુડુતો એ આત્મ હત્યા કરવાનો વારો આવે તેવી પરીસ્થીતી નુ નિમાર્ણ થવા પામે તો નવાઈ ની વાત નહી

# તલોદ પંથકમાં વીજળીના કડાકા સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

તલોદ, તા.૧૫

તલોદ પંથકમાં સોમવારે વહેલી સવારથી જ કાળા વાદળો છવાઈ ગયા હતા અને પવનના સુસવાટા અને વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા સમગ્ર પંથકમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી.

તલોદમાં મેઘરાજાનું આગમન થતાની સાથે જ ઠેર ઠેર જાહેર માર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. બીજી તરફ છેલ્લા દોઢ માસથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોએ પણ ખેતરમાં જઈ પ્રાચીન રીતિરિવાજ મુજબ મેઘરાજાની પધરામણીની વધામણી કરી હતી. વરસાદ પડતા ઠેર ઠેર વીજળી ડુલ થવાના અને પાણી ભરાઈ જવાના બનાવો પણ બન્યા હતા. વરસાદ આવતાની સાથે રહીશોમાં આનંદ છવાયો હતો પરંતુ થોડા સમય બાદ બંધ થઈ જતા ગરમીનું પ્રમાણ વધવા લાગ્યું હતું. અસહ્ય બફારા અને ગરમીને લઈ જનજીવન પર માઠી અસરથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે.

# પાલનપુર ખાતે આર.ટી.આઈ એકટીવીસ્ટ પર હૂમલો થતા ચકચાર

## આર.ટી.આઈ. એકટીવીસ્ટને ખો ભુલાવવા ભુલાવવા જતા હુમલાખોરો સી.સી.ટી.વી.માં કેદ થતા ઉચ્ચસ્તરીય તપાસની કરાઈ માંગણી

પાલનપુર, તા.૧૫

રાજયની ભાજપ સરકારના રાજમાં આર.ટી.આઈ એકટીવીસ્ટ અમિત જેઠવાની હત્યા કેસમાં ખુદ ભાજપના સાંસદની સંડોવણી બહાર આવ્યા બાદ પણ સરકારના ઉદાસીન વલણને પગલે આર.ટી.આઈ એકટીવીસ્ટ પરના હુમલાઓ વધતા જાય છે. ત્યારે ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં પણ સત્તાધીશોના નિરંકુશ વહીવટમાં ખાઈબદેલા કર્મચારીઓએ આર.ટી.આઈ એકટીવીસ્ટને ધાકધમકી આપી હુમલો કર્યો હોવાની ગંભીર વિગતો બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. જોકે, પાલિકાના સી.સી.ટી.વી કેમરામાં હુમલાખોરો કેદ થઈ જતા કસુરવાર કર્મચારીઓ અને પદાધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવા ઉચ્ચસ્તરીય રજુઆત થતા પાલિકા વર્તુળોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પાલનપુર શહેરના સુખબાગ રોડ પર આવેલી ગાયત્રી પરીવાર સોસાયટીના ચેરમેન અને નિવૃત પંચાયત સર્કલ ઈન્સપેકટર અમૃતલાલ પંડયાએ પાલનપુર નગરપાલિકાના કર્મચારીઓની પી.એફ.કપાત સહીતની અન્ય ગેરરીતીઓને ઉજાગર કરતી માહીતીઓ માંગી હતી. જે પૈકી કેટલીક માહીતીઓ ન મળતા તેઓએ જાહેર માહીતી આયોગ ગાંધીનગર સમક્ષ અપીલો કરી હતી. જેમાં પાલિકાના જવાબદારો સામે દંડનીય કાર્યવાહીના હુકમો પણ થયેલા છે. ત્યારે ગત ૨૦-૫-૧૪ના રોજ હીસાબી શાખા લગત માહીતી લેવા ગયેલા સીનીયર સીટીઝન નાગરીક અમૃતલાલ પંડયાને તમો અવાર-નવાર નગરપાલિકાના વહીવટ વિરૂધ્ધની માહીતી માંગો છે. જેથી તે મળશે નહી તેવું કહી કસુરવાર કર્મચારીઓએ તેઓને અપશબ્દોથી નવાજીને ટપલીદાવ શરૂ કરી દઈ કચેરીમાં જ મુઢમાર મારતા અરજદાર હેબતાઈ ગયા હતા. ત્યારે પોતાનો જીવ બચાવવા ઓ.એસ.ની ચેમ્બરમાં ધસી આવેલા અરજદારને બચાવવાને બદલે ઓ.એસ.તરફથી પણ તમે કચેરીમાંથી જતા રહો નહીતર કર્મચારીઓ ભેગાં થઈ થઈ તમોને મારશે તેવું કહેતા તેઓ ભયગ્રસ્ત બની પાલિકા કચેરી છોડી જતા રહ્યા હતા. આ અંગે તેઓએ પાલિકાના ચીફ ઓફિસર, પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખને વાકેફ પણ કર્યા હતા.

જોકે, પાલિકાના કસુરવાર કર્મચારી બેચરભાઈ અને નાગોરી સહીતના કર્મચારીઓએ કરેલો હુમલો અને એટ્રોસીટીની ફરીયાદ કરવાની અપાયેલી ધમકીથી ગભરાઈ ગયેલા અરજદારે પોતાનો જાન જોખમમાં હોવાનું જણાવી કસુરવાર કર્મચારીઓ અને તેઓને છાવરનાર અધિકારીઓ સામે કઠોર શિક્ષાત્મક પગલાં ભરવાની ઉચ્ચસ્તરીય રજુઆત કરતા ચકચાર મચી જવા પામી છે.

### સી.સી.ટી.વી કેમેરા આર.ટી.આઈ એકટીવીસ્ટની વ્હારે ચડયા!!!

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં એક આર.ટી.આઈ એકટીવીસ્ટ પર હુમલો કરનારા કર્મચારીઓનું દુઃસાહસ પાલિકામાં તાજેતરમાં લગાવાયેલા સી.સી.ટી.વી કેમેરામાં કેદ થઈ ગયું છે. જેથી હુમલાનો ભોગ બનનારે તેના સી.સી.ટી.વી ફુટેજની સી.ડી.પણ માહીતી અધિકાર તળે મેળવી તેની સાથે ઉચ્ચસ્તરે રજુઆત કરતા ઓન કેમેરા અસભ્ય વર્તન કરી ધમકીઓ આપનારા હવે આબાદ સપડાઈ ગયા છે. જોકે, સી.સી.ટી.વી ફુટેજ પણ અવાજ વિનાના અંશતઃ આપ્યા હોવાની રજુઆત પણ થઈ છે. જયારે કર્મચારીઓને છાવરનારા એક સમિતના ચેરમેનની સામેલગીરી સામે પણ રજુઆત થઈ છે. ત્યારે અરજદાર પોતાના પર થયેલા હુમલાખોરોને સબક શીખવાડવા માટે પાલિકામાં સી.સી.ટી.વી સીસ્ટમ કાર્યરત કરાવનાર પાલિકાના ઉત્સાહી પ્રમુખ હસમુખ પઢીયાર પરત્વે પણ મનોમન આભારની લાગણી પ્રદર્શિત કરતા જોવા મળ્યા હતા.

# ડીસામાં પ્રભારી મંત્રના અધ્યક્ષ સ્થાને લોક દરબાર યોજાશે

પાલનપુર, તા.૧૫

કલેકટરશ્રી બનાસકાંઠા દ્વારા ડીસા તાલુકાની જાહેર જણાવ્યા -માણે,ડીસા તાલુકાનો લોકસંવાદ ( લોક દરબાર )આગામી તા. ૨જી ઓગસ્ટના રોજ સવારે ૧૦-૩૦ કલાકે -ભારી મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ડીસા મુકામે -ાન્ત કચેરી ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં આપના વણઉકેલ્યા -શ્નોના નિકાલ માટે આપની અરજીઓ મંગાવવામાં આવે છે.જેમાં સેવા વિષયક,કોર્ટમાં પડતર હોય તેવી બાબતો,જમીન/ મિલ્કત સંબંધી દાવાઓ,દીવાની કોર્ટમાં પડતર હોય કે પડકારવાપાત્ર હોય તેવી બાબતો સિવાયના -શ્નો આવકાર્ય છે. દા.ત. હક્કપત્રકની નોંધો,વારસાઈ સંબંધેના -શ્નો,વિધવા સહાય, વૃધ્ધ સહાય,નિરાધાર અપંગ સહાય, રેશન કાર્ડ, જાતિ/આવકના દાખલા વગેરે.

કોઈ એક અરજદાર વધુમાં વધુ બે -શ્નોની રજુઆત કરી શકશે. અરજીના મથાળે લોકસંવાદ સેતુ ( લોક દરબાર) નો -શ્ન લખવાનો રહેશે.નાગરિકોને પોતાના -શ્નો મામલતદાર કચેરી ડીસા, સરદાર બાગ પાસે,નવિન બસસ્ટન્ડ રોડ ડીસા (ટેલિફોન/ ફેકસ નં. ૦૨૭૪૪ ૨૨૨૨૫૦ )ની કચેરીમાં તા. ૨૫-૭-૨૦૧૪ સુધીમાં લેખીતમાં કચેરી સમય દરમ્યાન રજુ કરવા જણાવ્યુ છે.

# ડીસામાં ચંદ્રલોક નજીક દિલધડક લુંટ : બે કર્મચારી છરીના હુમલામાં ઘાયલ

ડીસા, તા. ૧૫

ડીસામાં ચોરી લુંટ અને તફડંચી જેવા ગુનાઓ નિત્ય બનતા લોકો ભયભીત બનેલ છે. કેમકે થોડા દિવસો અગાઉ સવા પાંચ લાખની ચીલઝડપના બનાવ જાણીતા ભણશાલી ટ્રસ્ટ સંચાલિત હીરાના કારખાનામાં કામ કરતા બે કર્મચારીને છરી વડે માર મારી લુંટ કરાઈ હોવાની ઘટના પ્રકાશમાં આવેલી છે. જેની ડીસા દક્ષિણ પોલીસે તપાસ હાથ ધરી છે.





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસામાં ચંદ્રલોક નજીક આજે બપોરના સમયે એક દિલધડક લુંટના બનાવમાં મોટર સાયકલ પર બુકાની બાંધી આવેલા અજાણ્યા ત્રણ શખ્સોએ ભણસાળી ટ્રસ્ટ સંચાલિત હીરાના કારખાનામાં કામ કરતા બે કર્મચારીને લુંટના ઈરાદે હુમલો કરી માર માર્યો હતો અને છરીના ઘા મારતા બન્ને કર્મચારી લોહી લુહાણ થયા હતા. લુંટારા મોટર સાયકલ પર સવાર થઈ આવ્યા હતા, જ્યારે હીરા લઈ જતા કર્મચારી અલ્ટો કારમાં સવાર હતા. ધોળે દિવસે માત્ર પાંચ મિનિટની મારામારી અને લુંટમાં બે કર્મચારી લોહી લુહાણ થયા હતા. જો કે નસીબ જોગે અફરાતફરીમાં મોટા જોખમ સમાન હીરાનું પડીકું લુંટી લઈ જવાને બદલે લુટારા મોટો થેલો જોઈ એમાં જ મોટી માલ-મત્તા હશે તેવું માની હીરાના કામમાં વાપરતા ઓઝારો ભરેલો થેલો લુંટી લઈ ગયા હતા. આમ અંદાજીત ચાલીશ હજારની મત્તાના સામાનની લુંટ ચલાવી બે ને ઈજા કરી લુંટારા ફરાર થયેલ છે. આ ઘટનાની જાણ થતા ડીસા દક્ષિણ પોલીસ ઈન્સ્પેક્ટર કે.ડી. નકુમ દોડી આવ્યા હતા અને ગુનાના સ્થળ અને સંજોગો સાથે ઘાયલ કર્મચારીઓના નિવેદન અને વર્ણન મુજબના ભાગી છુટેલા લુંટારાઓને ઝડપા તપાસ હાથ ધરી હતી.

જ્યારે આ લુંટ બાબતે મેનેજર મનુભાઈએ જણાવેલ કે અમારા કારખાનામાં કામ કરતા સોહનભાઈ રણછોડભાઈ રાજપૂત રહે. ઈન્દીરાનગર ડીસા, તેમજ દિનેશભાઈ વાઘજીભાઈ જોશી, મનોજ અમથાભાઈ દરજી વિગેરે હીરા તેમજ અન્ય સામાન લઈ જતા મોટરસાયકલ પર સવાર ત્રણ અજાણ્યા લુંટારાના હુમલાના ભોગ બનેલ છે. મોટી રકમ બચી જવા પામી છે. બે કર્મચારી પર સશત્ર જીવલેણ હુમલો થયો છે બન્ને સારવાર હેઠળ છે અને ચાલીશ હજાર જેટલો ઓજાર-સામાન લુંટાયો છે.

## ખેડબ્રહ્માની મહીલાએ એસીડ પી લેતા મૃત્યુ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા શહેરના સંગીતાબેન દલીચંદ સોની (ઉ.વ.૪૨)એ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર એસીડ પી ગયા હતા. જેમને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા. ૯ જુલાઈના રોજ સારવાર દરમ્યાન મરણ જવા પામેલ હતા. આ અંગે અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડૉ. હેતલ સી. પટેલે ખેડબ્રહ્મા પોલીસને જાણ કરી હતી.

# કતપુર ટોલનાકા પાસે ટ્રિપલ અકસ્માત માસૂમ બાળકનું કરૂણ મોત

## અકસ્માત ટ્રક, સફારી અને સ્કોર્પીયો કાર વચ્ચે થયો હતો



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા.૧૫

પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે આજે વહેલી સવારે સર્જાયેલા ટ્રિપલ અકસ્માતમાં ૩ વર્ષના બાળકનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. જયારે અન્ય પાંચ વ્યકિતઓને નાની મોટી ઈજાઓ થવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચિલોડા-હિંમતનગર હાઈવે પર આવેલ કતપુર ટોલનાકા પાસે આજે વહેલી સવારે એક ટ્રક અને બે કાર વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. માર્ગ પર પસાર થઈ રહેલ ટ્રક નં. યુ.પી. ૧૭-ટી ૪૪૧૭ની પાછળ અચાનક જ સફારી કાર નં. જીજે-૬, સીએમ ૮૧ અને તેની પાછળ સ્કોર્પિયો કાર નં. આર.જે. ૧૪, સીએલ ૧૧૪૦ઘુસી ઘઈ હતી. જેમાં સફારી અને સ્કોર્પીયો કારમાં ભારે નુકશાન થયું હતું. જોરદાર ટકકરને લીધે એક બાળકનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. જયારે અન્ય પાંચ વ્યકિતઓને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. જેઓને ૧૦૮ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ભિલોડામાં યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓની બેદરકારીના કારણે વીજ ઉપરકરણો બળીને ખાખ

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે વીજ ઉપરકરણો બળીને ખાખ થઈ જતાં અંદાજીત રૂા.૧,૦૦,૦૦૦/-થી વધુનું નુકશાન પ્રજાજનોને સહન કરવાનો વારો આવ્યો છે.ભિલોડામાં અવાર-નવાર હાઈવોલ્ટેજના કારણે વીજ ઉપકરણો બળીને ખાખ થઈ જવાના બનાવો અવાર-નવાર પ્રકાશમાં આવી રહ્યા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અંતે તો પ્રજાજનોને જ નુકશાન સહન કરવાનો વારો આવતો હોય છે.હેમંતભાઈ રામીના જણાવ્યા મુજબ યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓની બેદરકારીના કારણે પટેલ સમાજવાડી પાસે આવેલ રેસીડેન્ટ વિસ્તારમાં વીજળીના વોલ્ટેજ એકા-એક વધતાં વીજ ઉપકરણો જેવાં કે ટી.વી., ફ્રીજ, લેપટોપ, પંખા, ટ્યુબલાઈટ, પાણી ખેંચવાની મોટર સહિત વિવિધ પ્રકારના વીજ ઉપકરણો હાઈવોલ્ટેજના કારણે બળીને ખાખ થઈ ગયા હતા.

**રૂા.૧,૦૦,૦૦૦/-થી વધુનું નુકશાન**

ભિલોડામાં અમુક વિસ્તારોમાં પુરતા વીજળીના વોલ્ટેજ મળતા નથી ત્યારે હાઈવોલ્ટેજના કારણે વીજ ઉપકરણો બળીને ખાખ થઈ ગયા હોવાના કારણે પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી રહ્યો છે.અસહ્ય કાળઝાળ ગરમી અને બાફ,ઉકળાટ ભર્યા માહોલમાં આ વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ભિલોડા યુ.જી. વી.સી. એલ.ના મેન અધિકારી પ્રજાજનોની રજુઆતો સાંભળવામાં હંમેશાં આંખ આડા કાન કરતા હોવાનું લોકમુખે ચર્ચાય છે. ભિલોડા યુ.જી. વી.સી. એલ.ના મેન અધિકારી ઉપર પ્રજાજનો ફીટકારની લાગણી વરસાવતા હતા. હાઈવોલ્ટેજના કારણે હેમંતકુમાર ઈશ્વરભાઈ રામી રૂા.૩૫,૦૦૦/-, મહેન્દ્રભાઈ એમ.દેસાઈ રૂા.૩૦,૦૦૦/-, સુમિત્રાબેન રૂપસિંહભાઈ ડામોર રૂા.૩૫,૦૦૦/-, જયંતીભાઈ ઉમીયાશંકર ત્રિવેદી રૂા.૫૦,૦૦૦/-નો ઘરમાં વીજ ઉપકરણો બળી જવાના કારણે નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

# ભિલોડા તાલુકાના મલાસા ગામ પાસે બસ અને આઈશર ટ્રક અકસ્માત

## મુસાફરોના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજા



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મલાસા ગામ પાસે એસ.ટી.બસ અને આઈશર ટ્રક સામ-સામે ધડાકાભેર ટકરાતા મુસાફરોના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ થવા પામેલ હતી.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમાર અને ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ મલાસા ગામ પાસે સમી સાંજે આઈશર ટ્રક ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે ટ્રક માંતેલા સાંઢની માફક હંકારતાં ઈડર ડેપોની એસ.ટી.બસ ઈડર તરફથી ભિલોડા તરફ આવી રહેલ ઈડર-રતનપુર એસ.ટી.બસને ધડાકાભેર ટક્કર મારતા બસમાં બેઠેલા અમુક મુસાફરોના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ થવા પામેલ હતી.ઈજાગ્રસ્તોને ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.ઈડર તાલુકાના રહેવાસી રામજીભાઈ જીવાભાઈ રાઠોડએ આઈશર ટ્રક ચાલક વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એલિવેશન ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુઝિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧